જા.નં. મા-૨/૨૦૨૦/૪૦૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૮/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ /માધ્યમિક અને
ઉ.માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓ તરફ.

**વિષય:-** રાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૦માં યોજાનાર ઉતરાયણ નિમિત્તે પ્રતિજ્ઞા લેવા બાબત.

**સંદર્ભ:-** કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,સુરતનાં પત્રાંક :ક્રમાંક/એમએસસી/પતંગ મહોત્સવ-૨૦૨૦/વશી.૦૮/૨૦૨૦ તા.૦૪/૦૧/૨૦૨૦ના પત્ર અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉતરાયણના પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના આશયથી રાજય સરકાર દ્રારા " કરુણા અભિયાન " ની શરૂઆત કરેલ છે. જે અંતર્ગત સંદર્ભ પત્ર સાથે માહિતી કચેરીની વેબસાઇટ પર પરિપત્ર કરવામાં આવેલ છે.

૧. " કરુણા અભિયાન " અંતર્ગત તા.૧૦/૦૧/૨૦૨૦ થી ૨૦/૦૧/૨૦૨૦ ના રોજ તમામ શાળાઓમાં પ્રાર્થના સભા પૂરી થયા બાદ આ સાથે જોડેલ નમુના મુજબની પ્રતિજ્ઞા લેવડાવવાની રહેશે. તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ શાળામાં વન-વિભાગ, શિક્ષણ વિભાગ અથવા અન્ય વિભાગના અધિકારીઓ હાજર રહે તો તેમની રૂબરૂમાં વિદ્યાર્થીઓ પાસે આ પ્રતિજ્ઞા લેવડાવવી.

૨. પ્રતિજ્ઞામાં દર્શાવેલ મુદ્દાઓ પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે અને સમાજમાં તેનો સંદેશો ફેલાય તેવા પ્રયત્નો શાળા કક્ષાએથી કરવાના રહેશે.તેમજ શાળા શાળા કક્ષાએ કરેલ કાર્યવાહીનો અહેવાલ શાળા કક્ષાએ રાખવાનો રહેશે.

૩. આ ઉપરાંત પતંગ તથા પતંગની દોરીથી બનાવેલ નમૂનાઓનું પ્રદર્શન રાખવું.અને અહેવાલ S.V.S પમાં જમા કરાવવાનો રહેશે.અને પ્રતિજ્ઞા લીધેલ વિદ્યાર્થીની સંખ્યા SVS- કન્વીનરશ્રીને લખાવવાની રહેશે. ફરજિયાત હાજર રહેવાનું રહેશે.S.V.S કન્વીનરશ્રીએ કચેરીમાં મા-૨ શાખાને મોકલવાનો રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

Scanned by CamScanner

## કલેકટરશ્રી,સુરત,વન વિભાગ તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત

## કરુણા અભિયાન-૨૦૨૦

### -: પ્રતિજ્ઞાપત્ર :-

અમે પ્રતિજ્ઞા લઇએ છીએ કે, ઉતરાયણની ઉજવણી સંદર્ભે પતંગ ચગાવતી વખતે અમે નીચેના નિયમોનું ચુસ્તપણે પાલન કરીશું.

- સવારના ૯-૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૫-૦૦ વાગ્યા પછી અર્થાત સૂર્યોદય અને સૂર્યાસ્ત બે કલાકના સમયમાં પતંગ ચગાવીશું નહિ, જેથી પક્ષીઓને કોઇ ઇજા થાય નહી.
- અમે ચાઇનીઝ માંજા અને તુકકલનો ઉપયોગ કરીશું નહિ,જો કોઇ જગ્યાએ વહેંચાણ થતુ જાણવામાં આવશે તો પોલીસને જાણ કરીશું.
- માનવ જિંદગીનું મહત્વ સમજીને પતંગ ચગાવતી વખતે સલામતીનું પૂરતું ધ્યાન રાખીશું.ઇલેકિટ્રક લાઇનને અડકશું નહિ થાંભલા પર ,ઝાડ પર કે ઉંચી જગ્યા પર ચડશું નહિ.
- સાથે સાથે પક્ષીઓની સલામતીનું પણ ધ્યાન રાખીશું.કોઇ ઇજાગ્રસ્ત પક્ષી દેખાય તો તરત તેને સારવાર માટે વન- વિભાગ દ્વારા નિયત થયેલ સારવાર કેન્દ્ર પર અથવા પશુ દવાખાને લઇ જઇશું.
- અમે વન વિભાગની **Helpline on: 9909730030** પર જરૂર પડયે ફોન કરી મદદ લઇશું.

| | |
|---|---|
| શાળાનું નામ :- | |
| સરનામું :- | |
| પ્રતિજ્ઞા લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | |
| તારીખ :- | |

આચાર્યશ્રીના સહી સિકકા

Scanned by CamScanner